# સ્પાઈસ-જેટની આશરે 1000 કર્મચારીઓની છટણી કરવાની યોજના

**સ્પાઈસજેટમાં** વિમાનોની સંખ્યાની સરખામણીમાં માનવબળ વધુ છે

**એકંદરે** ખર્ચ ઘટાડવા અને રૂ. 100 કરોડ સહિતની વાર્ષિક બચત કરવા છંટણી જરૂરી છે: સૂત્ર

મુંબઈ, તા. 12 (પીટીઆઈ): કટોકટીગ્રસ્ત સ્પાઈસજેટની આગામી દિવસોમાં ઓછામાં ઓછા 1,000 કર્મચારીઓને પિન્ક સ્લિપ આપવાની યોજના છે જ્યારે એરલાઈન્સ તેના ક્રૂ સભ્યોના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરવા અને કામગીરીને સુવ્યવસ્થિત કરવા માટે કામ કરી રહી છે, એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું.

નાણાકીય મુશ્કેલીઓ, કાનૂની લડાઈઓ અને અન્ય મુશ્કેલીઓનો સામનો કરી રહેલી, નો-ફ્રીલ્સ એરલાઈન્સ વધુ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી શકે છે કારણ કે સેવામાં વિમાનોની સંખ્યાની સરખામણીમાં હવે વધુ માનવબળ છે. આ અઠવાડિયે છટણીના જથ્થા પર અંતિમ નિર્ણય અપેક્ષિત છે, એમ એક જાણકાર અધિકારીએ જણાવ્યું હતું.

જ્યારે સ્પાઈસજેટના પ્રવક્તાનો સંપર્ક કરાયો ત્યારે તેણે જણાવ્યું હતું કે નફાકારક વૃદ્ધિ હાંસલ કરવા માટે એરલાઈન્સે માનવશક્તિના તર્કસંગતકરણ સહિતના ઘણા પગલાં શરૂ કર્યા છે, જો કે તેમણે કોઈ સંખ્યા જણાવી નથી.

એરલાઈન્સના આશરે 9000 કર્મચારીઓ છે અને તે પોતાના કર્મચારીઓની સંખ્યામા 10-15 ટકાનો ઘટાડો કરવાનો વિચાર કરી રહી છે, એકંદરે ખર્ચ ઘટાડવા અને રૂ. 100 કરોડ સહિતની વાર્ષિક બચત કરવા છંટણી જરૂરી છે. 15 ટકા જેટલો ઘટાડો કરવાનો અર્થ છે કે આશરે 1350 જેટલા કર્મચારીઓ નોકરી ગુમાવશે.

તમામ વિભાગોમાં છંટણી થાય તેવી અપેક્ષા છે અને અંતિમ યાદી તૈયાર કરી દેવાઈ છે.

પ્રસ્તાવિત છંટણી અંગે સ્પાઈસ-જેટ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

એક અન્ય અધિકારીએ જણાવ્યું હતું કે એરલાઈન્સે અમુક ક્ષેત્રીય રૂટ પર ફ્લાઈટ્સ બંધ કરી છે અને કર્મચારીઓ વધુ છે ખાસ કરીને ઓછા પગારવાળા.





રિયો દે જેનેરિયો, તા. 12: રિયો કાર્નિવાલની ઉજવણીમાં બ્રાઝિલના શ્રેષ્ઠ સામ્બા ડાન્સર્સે શહેરમાં પરેડ કરી હતી, તેમણે પોતાનું શરીર મોટેભાગે ઘરેણાઓથી ઢાંક્યું હતું. આ પ્રખ્યાત કાર્નિવલ પરેડ પૂરજોશમાં ચાલી રહી હતી ત્યારે સિતારા-મોતી અને પરસેવાથી ચમકતા અને ઉમળકાભર્યા સામ્બા ધબકારા સાથે ઝળહળતા, હજારો કલાકારોએ રવિવારે રિયો ડી જાનેરો એવેન્યુમાં નૃત્ય કર્યું હતું.

ગર્જના કરતા ડ્રમ વિભાગો અને અંગ પ્રદર્શન કરતી પોશાકોમાં કલાકારોના જૂથ સાથે, 12 સામ્બા શાળાઓ બે રાત સુધી કાર્નિવલ ચેમ્પિયનના પ્રખ્યાત ટાઇટલ માટે સ્પર્ધા કરી હતી.

70,000 પ્રેક્ષકોની ક્ષમતાની ભીડ સાંબાડ્રોમ સ્ટેડિયમના ભરચક સ્ટેન્ડમાં ઉત્સાહિત હતી, જ્યારે લાખો અન્ય લોકોએ ટીવી પર તેનું જીવંત પ્રસારણ જોયું હોવાની અપેક્ષા છે.

રિયો પહેલાથી જ 'બ્લોકોસ' તરીકે ઓળખાતી રંગીન, ફ્રી ફોર ઓલ સ્ટ્રીટ પાર્ટીઓ સાથે અઠવાડિયાથી કાર્નિવલની ઉજવણી કરી રહ્યું છે.




## લાઇવ કોન્સર્ટમાં આદિત્ય નારાયણે પ્રશંસકના હાથ પર માઇક માર્યું, તેનો ફોન છીનવીને ફેંકી દીધો



મુંબઈ: તા. 12 બોલિવૂડના પ્રખ્યાત ગાયક ઉદિત નારાયણનો પુત્ર આદિત્ય નારાયણ ફરી એકવાર ચર્ચામાં છે. તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં તે કોન્સર્ટ દરમિયાન તેના એક ફેન્સ સાથે ગેરવર્તન કરતો જોવા મળ્યો હતો. વાયરલ થયેલો આ વીડિયો છત્તીસગઢના ભિલાઈમાં ચાલી રહેલા કોન્સર્ટનો છે. અહીં આદિત્ય શાહરૂખ ખાનની ફિલ્મ 'ડોન'ના ગીત 'આજ કી રાત...' પર સ્ટેજ પર પરફોર્મ કરી રહ્યો હતો. આ દરમિયાન એક ચાહકે જે તેનું પ્રદર્શન રેકોર્ડ કરી રહ્યો હતો, આદિત્યએ પહેલા તેના હાથ પર માઇક માર્યું અને પછી તેનો ફોન છીનવી લીધો અને તેને ભીડમાં ફેંકી દીધો હતો.

## બ્રેસ્ટ કેન્સર સામે લડી રહી છે પીઢ અભિનેત્રી આશા પારેખ



મુંબઈ: તા. 12 : પીઢ અભિનેત્રી આશા પારેખને રવિવારે મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અહીં તેણીએ સ્તન કેન્સરની સારવાર કરાવી હતી. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, 81 વર્ષીય અભિનેત્રીને રવિવારે સવારે 8 વાગ્યે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. અહીંના ઓપરેશન થિયેટરમાં બે કલાક સુધી તેમની સર્જરી કરવામાં આવી હતી.

60 અને 70ના દાયકાની સૌથી પ્રખ્યાત અભિનેત્રી આશા પારેખને 2022માં દાદા સાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ભારતીય ફિલ્મ ઉદ્યોગનો સર્વોચ્ચ એવોર્ડ છે. આ એવોર્ડ અભિનેત્રીને ફિલ્મ ઉદ્યોગમાં તેમના યોગદાન માટે આપવામાં આવ્યો હતો.

## અક્ષય કુમારનો અંધેરીનો ફ્લેટ વેચાઈ ગયો, આલિયા ભટ્ટની મિમિક્રી કરનાર ચાંદનીએ ખરીધો





મુંબઈ: તા. 12 : આલિયા ભટ્ટની મિમિક્રી કરીને પ્રખ્યાત બનેલી ચાંદનીએ નાની ઉંમરે ઘણુંબધું હાંસલ કર્યું છે. 'બ્રહ્માસ્ત્ર' ફિલ્મ રિલીઝ થયા બાદ ચાંદની આલિયા ભટ્ટની નકલ કરીને સોશિયલ મીડિયા પર સેન્સેશન બની ગઈ હતી. હવે તેણે મુંબઈના અંધેરી વિસ્તારમાં એક ફ્લેટ ખરીધો છે. રિપોર્ટ્સનું માનીએ તો તે ફ્લેટનો અગાઉનો માલિક અક્ષય કુમાર હતો.

તાજેતરમાં ચાંદનીએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી નવા ઘરમાં યોજાયેલી પૂજાની કેટલીક તસવીરો શેર કરી છે. ચાંદનીએ ગૃહ પ્રવેશની તસવીરો સાથે લખ્યું છે, ''ઘર, 25 વર્ષના થઈએ તે પહેલાં ઘર ખરીદવું, પાછા આવો, ઈએમઆઈ ચૂકવીશ.''

## મિથુન ચક્રવર્તીને હોસ્પિટલમાંથી રજા અપાઈ



કોલકાતા: તા. 12 (પીટીઆઈ) : પીઢ અભિનેતા મિથુન ચક્રવર્તીને સોમવારે બપોરે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી, ભાજપના નેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, તે સંપૂર્ણપણે સ્વસ્થ છે અને ટૂંક સમયમાં આગામી ફિલ્મોનું શૂટિંગ ફરી શરૂ કરશે.

73 વર્ષીય ચક્રવર્તીને છાતીમાં તીવ્ર દુખાવાની ફરિયાદ બાદ 10 ફેબ્રુઆરીએ અહીંની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

તબીબી સુવિધાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, તેમણે એમઆરઆઈ સહિતની શ્રેણીબદ્ધ ક્લિનિકલ ટેસ્ટ કરાવી હતી.

અગાઉના દિવસે વરિષ્ઠ ડોક્ટરો અને ચિકિત્સકોએ તેમની તબિયતની સમીક્ષા કરી હતી.

લોકપ્રિય અભિનેતાએ હોસ્પિટલમાંથી બહાર જતી વખતે કહ્યું હતું કે, ''વાસ્તવમાં કોઈ સમસ્યા નથી, હું બિલકુલ ઠીક છું. મારે મારી ખાણીપીણીની આદતો પર નિયંત્રણ રાખવું પડશે. ચાલો જોઈએ; હું ટૂંક સમયમાં કામ કરવાનું શરૂ કરી શકું છું, કદાચ કાલે.''

ચક્રવર્તીએ એમ પણ કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમને ફોન કર્યો હતો અને તેમને તેમના સ્વાસ્થ્યની કાળજી ન લેવા બદલ ઠપકો મળ્યો હતો.


